સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન
સરનામુ-જુનુ હેડ ક્વાર્ટર, અઠવાલાઇન્સ,
સુરત શહેર

# સોશીયલ મીડીયા ફેસબુક ઉપર ફેક એકાઉન્ટ બનાવી ફરીયાદી બહેનના ફોટોગ્રાફ અપલોડ કરનાર આરોપીને ઝડપી પાડતી સુરત શહેર સાયબર ક્રાઇમ

રાંદેર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૧૨૪/૨૦૧૯ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે ગુન્હામાં સંડોવાયેલ ઇસમે ફેસબુક ઉપર આ ગુન્હાના ફરીયાદી બહેનના નામનું ફેક એકાઉન્ટ બનાવી તે એકાઉન્ટમાં ફરીયાદીના ફોટોગ્રાફ અપલોડ કરેલ હતા. સદર ગુન્હો સોશીયલ મીડીયા સબંધેનો હોય ટેકનીકલ સર્વેલન્સ આધારે સદર ગુન્હો શોધી કાઢવા સારૂ અધિક પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક અને ક્રાઇમ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચનાઓએ સુચના આપેલ હોય જેથી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર ક્રાઇમ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ટેકનીકલ સર્વેલન્સ આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઇડેન્ટીફાઇ કરી સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી જે.બી.આહીર તથા ટીમના પોલીસ માણસોએ સદર ગુન્હાઓમાં સંડોવાયેલ **આરોપી ભાવેશ કિશોરભાઇ સુહાગીયા ઉ.વ.૨૮ ધંધો-નોકરી રહે.૮૨, સરીતા સંગમ સોસાયટી, ચીકુવાડી, નાના વરાછા, સુરત મુળ રહે.ગામ-કુતાણા તા.લીલીયા જી.અમરેલી** નાને શોધી કાઢી સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે લઇ આવતા તેની પુછ પરછ કરતા તેણે આશરે એકાદ વર્ષ પહેલા આ કામના ફરીયાદી બહેનના નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવી તેઓના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ઉપરથી ફોટોગ્રાફ લઇ આ ફેક ફેસબુક એકાઉન્ટ ઉપર અપલોડ કરેલ હોવાની કબુલાત કરેલ હોય અને તેના વિરૂધ્ધમાં પુરાવાઓ મળી આવતા તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ.